**ક્રિ.કેસ.નં.૫૦૨૯૭૦/૨૦૧૫**

**૧.** આ કામમાં પો.સ્ટે.ધ્વારા આરોપી વિરૂધ્ધ ઘી પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫ એ ઈ,૮૧ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટ નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે.આરોપી એ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ઘી પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫ એ ઈ,૮૧ ના ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૨. સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીનો આ પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને ગુના બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરી થી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે.એ.પી.પી.એ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

૩. આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધ ના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**:: હુકમ ::**

બંન્ને આરોપીને ઘી પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫ એ ઈ,૮૧ ક્રિ.પ્રો.કો.કલમ ૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી એકત્રીત પણે કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.આરોપી દીઠ ૩૦૦/-,૩૦૦/- બંન્ને આરોપી ના ગુના માટે કુલ રૂ. ૬૦૦/- (અંકે રૂ.છસો પુરા) દંડ કરવામાં આવે છે.જો દંડ ના ભરે તો આરોપીને ૧ (એક) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૧૨/૨૦૧૮
અમદાવાદ.

(જાવેદઅખ્તરખાન બાજીતખાન ઘાસુરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૫, અમદાવાદ
કોડ નં. જીજે૦૧૦૨૮